અપીલ અરજી નં.૨૨૨ તા.૨૪–૧૦–૦૮/૦૯

અરજદાર: શ્રી મધુભાઈ રામભાઈ કાકડીયા
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગઅને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી મધુભાઈ રામભાઈ કાકડીયા આઈ ડી.નં.૧૫૬ તા.૭–૧૦–૦૮ અરજીથી કતારગામ રે.સ.નં.૧૫૧,૧ થી ૪, ૧૫૨–૧,૨ વાળી મિલ્કત અંગે તા.૧૬–૯–૦૮ ના રોજ પ્લાન મંજુર કરેલા છે તે તથા બાંધકામ અંગેની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૪–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૨/૨૦૦૮–૦૯

શ્રી મધુભાઈ રામભાઈ કાકડીયા આઈ ડી.નં.૧૫૬તા.૭–૧૦–૦૮ અરજીથી કતારગામ રે.સ.નં.૧૫૧,૧ થી ૪, ૧૫૨–૧,૨ વાળી મિલ્કત અંગે તા.૧૬–૯–૦૮ ના રોજ પ્લાન મંજુર કરેલા છે તે તથા બાંધકામ અંગેની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેની સહી સિકકાવાળી નકલ આપવા બાબતે કરેલ અરજી સબંધે નં.ટીડીઓ/૩૨૩૮ તા.૧૮–૧૦–૦૮ ના મળેલ નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો ઈન્કાર તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૦ તા.૪–૧૧–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીડીઓ/૩૫૪૮ તા.૧૯–૧૧–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સદર મિલ્કતમાં રજાચિઠ્ઠી આપવામાં આવેલ નથી જેથી તેની નકલ હાલ આપી શકાય તેમ નથી તેવો પ્રત્યુત્તર તેમના પત્ર નં.ટીડીઓ/૩૨૩૮ તા.૧૮–૧૦–૦૮ થી અરજદારને પાઠવવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે મળેલ માહિતીમાં અરજદારો ધ્વારા પ્રશ્નવાળી જમીનમાં બીન ખેતીના ઉપયોગની પરવાનગી રજૂ થયેલ નથી તથા સુરત મહાનગરપાલિકાના નિયમોનુસારના ચાર્જ/ડીપોઝટ ભરપાઈ થયેલ નથી. તેથી રજાચિઠ્ઠી ઈસ્યુ કરવાની બાકીમાં હોવાનું તથા પ્લાન અંગે તા.૧૬–૯–૦૮ થી મ. કમિશ્નરની ફકત સૈધ્ધાંતિક મંજુરી મળેલ હોવાનું જણયેલ છે.

અરજદારની તા.૭–૧૦–૦૮ ની અરજીથી કતારગામ રે.સ.નં.૧૫૧–૧ થી ૪, ૧૫૨–૧,૨ વાળી મિલ્કત અંગે તા.૧૬–૯–૦૮ ના રોજ પ્લાન મંજુર કરેલા છે તે તથા બાંધકામ અંગેની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેની સહીસિકકાવાળી નકલની માંગણી કરવામાં આવેલ છે. જે બાબતે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે અપીલ અરજી કરેલ છે. અપીલ અરજીમાં જાન્યુ.૨૦૦૮ થી ઓકટો.૨૦૦૮ ના સમયગાળા દરમ્યાન કાર્યવાહીના કાગળો દસ્તાવેજો,અને હુકમ સહિતની માંગણી કરેલ છે. જેનો સમાવેશ મુળ આરટીઆઈની અરજીમાં થયેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ અકેટની કલમ–૨ (એફ) હેઠળ માહિતી તથા ૨ (જે) હેઠળ માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૈકીની માહિતી પૂરી પાડવાનો સમાવેશ થાય છે. તે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ પ્રસ્તુત તબકકે આપેલ દફતરી માહિતી અનુસારની માહિતી અંગે કોઈ વિવાદ રહેતો નથી.

અપીલના તબકકે અરજદારે ઉપસ્થિત કરેલ નવીન માહિતી કાયદાએ નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજીથી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગઅને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મધુભાઈ રામભાઈ કાકડીયા,